

સે-૨૩, સ્વામિનારાયણ મંદિરમાં સંગીત વાદ્યોના હિંડોળાની શોભા. સે-૨૩, સ્વામિનારાયણ મંદિરમાં ૨૭ પ્રકારનાં સંગીત વાદ્યોની સુંદર ગોઠવણી સાથેના હિંડોળામાં હરિને ઝુલાવવામાં આવ્યા હતા. સંગિત કલા પ્રેમીઓ આ હિંડોળાનાં દર્શનથી વિશેષ ખુશ થયા હતા. સંગિત વાદ્યોની અદ્ભુત ગોઠવણી સાથેના આ હિંડોળાનું પ્રથમવાર આયોજન થયું હતું.



## ચિલોડા મોટા પ્રાથમિક શાળા ખાતે ૭૫મા સ્વાતંત્ર્યદિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા પ્રાથમિક શાળાના પટાંગણમાં ૭૫મા સ્વાતંત્ર્યદિનની ઉજવણી અંતર્ગત સાદગી અને ગૌરવપૂર્વક ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગામના મુખ્ય અગ્રણી દિનેશભાઈ પટેલના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યુ. આ સાથે ગામની મંડળીના ચેરમેન, જૈમિન પટેલ, મંત્રી જયંતિભાઈ પટેલ, પૂર્વ તાલુકા સદસ્ય અંજનાબેન પટેલ, સંજયજી ઠાકોર, એસ.એમ.સી.ના અધ્યક્ષ તખતસિંહ ઠાકોર, શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલ તથા શાળાના સારસ્વતમિત્રો વગેરે ઉપસ્થિતિમાં ઉજવાયો હતો.

## મગોડી મુકામે પી.આર. ઠક્કર વિદ્યાવિહારમાં દાતાશ્રી દ્વારા ચોપડા વિતરણ કાર્યક્રમ યોજાયો

ચિલોડા, તા. ૧૬

ગાંધીનગર તાલુકાની મગોડી સ્થિત પી.આર. ઠક્કર વિદ્યાવિહારમાં ધો. ૬ થી ૧૨ માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને દાતાશ્રી રાજેન્દ્રભાઈ ઠક્કર દ્વારા એક-એક ડઝન ચોપડા તેમજ લખવા માટેનું પેડ અને બે-બે બોલપેનો ભેટ આપવામાં આવી હતી.



આ પ્રસંગમાં શ્રી કેળવણી મંડળ મગોડીના પ્રમુખ મફતભાઈ પટેલ, શાળાના આચાર્ય મનુભાઈ પ્રજાપતિ તેમજ સ્ટાફમિત્રો હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે સિનિયર શિક્ષક રાજુભાઈ જોષીએ દાતા રાજેન્દ્રભાઈ ઠક્કરનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

## ૭૫મા સ્વાતંત્ર્યદિને રાજ્યપાલશ્રી દ્વારા ધ્વજવંદન

ભારતના ૭૫મા સ્વાતંત્ર્ય દિન-૧૫મી ઓગષ્ટના રોજ ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત રાજભવનના પ્રાંગણમાં રાષ્ટ્રધ્વજ ફરકાવી ધ્વજવંદન કર્યુ હતુ. ત્યારબાદ રાજ્યપાલશ્રી અને લેડી ગવર્નર શ્રીમતી દર્શના દેવીના હસ્તે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

કોરોના પ્રોટોકોલના સંપર્ણ પાલન સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં ભારતીય સેનાના વરિષ્ઠ અધિકારીઓ, અગ્રણી નાગરીકો, રાજભવનના અધિકારીઓ-કર્મચારીઓ તથા તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉત્તમથી સર્વોત્તમ થકી ગુજરાતે નવા સિમા ચિન્હો પ્રસ્થાપિત કર્યા છે : વિજયભાઈ રૂપાણી

### ૭૫મા સ્વાતંત્ર્ય પર્વના સુપ્રભાતે જૂનાગઢ ખાતે રાજ્યકક્ષાના ધ્વજવંદન સમારોહમાં તિરંગાને સલામી આપતા મુખ્યમંત્રી

ગાંધીનગર,તા. ૧૬

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ૭૫મા સ્વાતંત્ર્ય પર્વની રાજ્યકક્ષાની ઉજવણી અંતર્ગત જૂનાગઢ ખાતે રાજ્યકક્ષાના ધ્વજવંદન સમારોહમાં તિરંગાને સલામી આપી હતી.





મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના પ્રજાજનોને ૭૫માં સ્વાતંત્ર્ય પર્વની શુભકામના પાઠવી ગુજરાતના વિકાસની ગૌરવગાથા જણાવતા કહ્યુ કે ગુજરાતે વિકાસના નવા સીમા ચિન્હો પ્રસ્થાપિત કરી સ્વરાજથી સુરાજ્યના સંકલ્પ સાથે ઉત્તમથી સર્વોત્તમ બનવા પરિશ્રમની પરાકાષ્ઠા સર્જી છે.

ગુજરાતની હરીફાઈ હવે કોઈ રાજ્ય સાથે નહીં પરંતુ વિશ્વ સાથે છે તેમ સગૌરવ જણાવી મુખ્ય મંત્રીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં નાખેલા વિકાસના મજબૂત પાયા પર હવે વિશ્વકક્ષાના સ્થાપિત થઈ રહેલા પ્રોજેક્ટ્સ અને ગુજરાતની નવી ઉંચાઈ અને સિદ્ધિઓ જણાવી હતી.

મુખ્યમંત્રીએ સંત, શૂરા અને ગરવાગઢ ગિરનાર અને ગીરના સિંહોની ભૂમિ પરથી ૭૫મા સ્વાતંત્ર્ય પર્વ અને આઝાદી કા અમૃત મહોત્સવની શુભકામના પાઠવી જૂનાગઢને ભારતનું અભિન્ન અંગ બનાવવા લોકશક્તિ સાથે આરઝી હકૂમતની લડત કરનાર સૌ સ્વાતંત્ર્ય સેનાનીઓ તેમજ દેશની આઝાદી માટે ૧૮૫૭ થી ૧૯૪૭ સુધીના સ્વાતંત્ર્ય સંગામના વીરો-શહીદોને વંદન કર્યા હતા.

મુખ્યમંત્રીએ ૭૫માં સ્વાતંત્રય પર્વ નિમિતે જાહેરાત કરતા જણાવ્યુ હતુ કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉજ્જવલા ૨.૦ યોજનાની જાહેરાત કરી છે તે અંતર્ગત ગુજરાતમાં પાંચ લાખ ગેસ કનેક્શન રાહત દરે આપવામાં આવશે.

આ ઉપરાંત રાજ્યની બાવન નગરપાલિકાઓને દૈનિક પાણી પુરવઠા યોજના માટે ૭૮૦ કરોડની ફાળવણી કરાશે. યોજના દીઠ રૂ.૧૫ કરોડનો લાભ મોટી નગરપાલિકાઓને મળશે. રાજ્યની નગરપાલિકા જનહિતમાં કાર્યો કરવા પ્રેરાય તે માટે નગરપાલિકાઓને સ્ટાર રેકીંગ આપવામાં આવશે.

આ ઉપરાંત મુખ્યમંત્રીએ મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજનાના સહાય ધોરણમાં વધારો કરતા જણાવ્યુ હતુ કે હવે આ યોજનામાં ખેડૂતને ગોડાઉન બનાવવા રૂ.૩૦ હજારના બદલે રૂ.૫૦ હજાર આપવામાં આવશે.

મુખ્ય મંત્રીશ્રીએ ગુજરાત પોલીસને વધુ સજ્જ કરવા, ટેકનોલોજીનો ઉપયોગ કરી ગુના ખોરી ડામવા ગુજરાત પોલીસને ૧૦,૦૦૦ બોડી વોર્ન કેમેરા અને ૧૫ ડ્રોન કેમેરા અર્પણ કર્યા હતા. અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને ગીર સોમનાથ કેમેરાથી સજ્જ પોલીસ કેમેરાનું લાઈવ ડેમોસ્ટ્રેશન નિહાળ્યું હતુ. પોલીસમેન અને અધિકારીઓને કેમેરા અર્પણ કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીએ ખુલ્લી જીપમાં લોકોનું અભિવાદન ઝીલી સ્વાતંત્ર્ય સેનાની લાભશંકરભાઈ દવેનું સન્માન કરી વૃક્ષારોપણ કર્યુ હતુ.

આ પ્રસંગે પોલીસ જવાનો દ્વારા રશીયન પીટી, જીમ્નાસ્ટીક, મલખમ, દેશની એકતાને ઉજાગર કરતુ લેજીમ નૃત્ય, દિલધડક મોટરસાઈકલ સ્ટંટ શો તેમજ રાજ્યના ગૌરવંતા શ્વાન દળનું નિદર્શન અને અશ્વ શો એ કૌવત અને કૌશલ્ય દેખાડ્યુ હતુ. ગુજરાત પોલીસ વિભાગ દ્વારા આયોજિત આ સાંસ્કૃતિક કાર્યક્રમે પોલીસ પરેડ ગ્રાઉન્ડ સ્થિત સૌ કોઈ દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ૭૫મા સ્વાતંત્ર્યપર્વની અનોખી ઉજવણી

ગાંધીનગર,તા. ૧૬

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા આઝાદીના ૭૫મા વર્ષની અનોખી ઉજવણી કરવામાં આવી. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે સવારે ૯ કલાકે કુલપતિ હર્ષદભાઈ શાહ, પ્રવીણભાઈ વાટલીયા અને અતિથિવિશેષ કુમારી પૂજાબહેન પટેલ (મિસ વર્લ્ડ યોગીની)ના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. ભારતીય તિરંગો હવામાં લહેરાતાંની સાથે જ રાષ્ટ્રગીત અને ઝંડાગીત ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સંગીતવૃંદ દ્વારા સમૂહમાં ગવડાવવામાં આવ્યું.

ધ્વજવંદન કાર્યક્રમ બાદ કુલસચિવ ડૉ. અશોકભાઈ પ્રજાપતિ દ્વારા અતિથિવિશેષ અને આમંત્રિત મહાનુભાવોનું શબ્દપુષ્પથી સ્વાગત કરવામાં આવ્યું. સાથે જ યુનિવર્સિટીનાં કાર્યોને વધુ ગતિશીલ બનાવવાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. ત્યારબાદ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિવિધ વિભાગોના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો દ્વારા ગીત-સંગીત, નૃત્ય અને વક્તૃત્વની અભિવ્યક્તિ કરવામાં આવી હતી.





ઉપસ્થિત અતિથિવિશેષ અને મહેમાન કુમારી પૂજાબહેન પટેલ દ્વારા યોગ નિદર્શન અને પોતાના અનુભવો રજૂ કરવામાં આવ્યા હતા. યુનિવર્સિટીનાં કાર્યો અને કાર્યપદ્ધતિની પ્રશંસા કરી હતી. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલગુરુ હર્ષદ પ્ર. શાહ દ્વારા દેશની એકતા અને અખંડતાને ટકાવી રાખવા તથા દેશમાં દેશભક્ત નાગરિકોના નિર્માણમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની ભૂમિકા અને જવાબદારીઓ તરફ અંગુલીનિર્દેશ કર્યો હતો. રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયા તેજસ્વી બાળક થકી જ તેજસ્વી ભારત સુધી વિસ્તરી શકે છે. તેવા વિશ્વાસ સાથે સૌને સ્વાતંત્ર્યપર્વની શુભેચ્છાઓ પાઠવી હતી.



## સરડોઈના નવોદિત કવિનું બહુમાન કરાયું

દેશના ૭૫મા સ્વાતંત્ર્ય પર્વની તા.૧૫ ઓગષ્ટના રોજ ઉજવણી કરાઈ ત્યારે સરડોઈ હાઈસ્કુલના પૂર્વ વિદ્યાર્થી અને નવોદિત કવિ તરીકે ઉભરી આવી સમગ્ર રાજ્યમાં શાળા અને સરડોઈ ગામનું ગૌરવ વધારનાર દિનેશ રણછોડભાઈ નાયકનું સંસ્થા દ્વારા સન્માનપત્ર આપી બહુમાન કરવામાં આવ્યું હતું. કેળવણી મંડળના પ્રમુખ ઈશ્વરભાઈ ભાવસાર, ઉપપ્રમુખ ડૉ.પ્રમોદભાઈ શાહ, મંત્રી અરૂણભાઈ ગોર અને શાળાના આચાર્ય ઘનશ્યામસિંહ ચાવડા તથા શાળા સ્ટાફે ગામને ગૌરવ અપાવનારા શાળાના પૂર્વ વિદ્યાર્થી અને નવોદિત કવિને શુભેચ્છાઓ આપવાની સાથે હજુ પણ સિદ્ધિના ઉચ્ચ શિખરો સર કરો તેવી શુભકામના આપી હતી.

## અરવલ્લી જિલ્લામાં જનઆશીર્વાદ યાત્રાની તડામાર તૈયારીઓ

### ૧૮ ઓગષ્ટે બાયડના પાર્ટી પ્લોટમાં સભાનું આયોજન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૬

અરવલ્લી જિલ્લામાં કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણની જનઆશીર્વાદ યાત્રા તા.૧૮ ઓગષ્ટ, બુધવારે સવારે ૯-૩૦ કલાકથી શરૂ થશે તેને લઈને જિલ્લા ભાજપ સંગઠન દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. સાબરકાંઠાના રોઝડ થી અરવલ્લી જિલ્લામાં યાત્રા પ્રવેશ કરવાની છે. સવારે કેન્દ્રીય મંત્રી માધવકંપા નજીકની હોટલ વૃન્દાવનમાં પ્રેસ કોન્ફરન્સ કરશે અને ત્યારબાદ બાયડ માર્કેટયાર્ડની મુલાકાત લેશે જ્યાં સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરશે. ત્યારબાદ શરણાઈ પાર્ટી પ્લોટમાં સભાનું આયોજન કરવામાં આવ્યું છે ત્યાં ઉપસ્થિત ભાજપના કાર્યકરો અને વિવિધ સમાજના આગેવાનોને સંબોધન કરશે. ત્યારબાદ ડેમાઈના વિષ્ણુધામ આશ્રમમાં સંતોને શાલ ઓઢાડી તેમના આશીર્વાદ મેળવશે અને ત્યારબાદ ખેડા જિલ્લા તરફ પ્રયાણ કરશે.

કેન્દ્રમાં ભાજપ સરકારની યશસ્વી કામગીરી અને દેશમાં હવે સર્વત્ર શાંતિનો માહોલ ઉભો થયો છે. કેન્દ્રમાં ભાજપના વધુ સાંસદોને મંત્રી પદ મળ્યું છે અને તેઓ જે તે જિલ્લામાં જઈ જનઆશીર્વાદ યાત્રાથી પ્રજાના આશીર્વાદ મેળવે તે હેતુથી જનઆશીર્વાદ યાત્રા તા.૧૬ ઓગષ્ટથી ઉત્તર ગુજરાતના બનાસકાંઠાથી શરૂ થઈ છે. તા.૧૮ ઓગષ્ટના રોજ બાયડમાં આવનારી જનઆશીર્વાદ યાત્રાના રૂટ તેમજ વિવિધ વ્યવસ્થાની ભાજપના હોદ્દેદારોને જવાબદારી સોંપવામાં આવી છે.

## અરવલ્લી જિલ્લા ભાજપ દ્વારા પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપાઈજીની પુણ્યતિથિ ઉજવાઈ

ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન અને કવિ હૃદય અટલબિહારી વાજપાઈની પુણ્યતિથિ તા.૧૬ ઑગષ્ટના રોજ અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન અને બાયડ શહેર ભાજપ સંગઠનની ઉપસ્થિતિમાં બાયડના આરામ ગૃહ ખાતે ઉજવવામાં આવી. પૂર્વ વડાપ્રધાનને પુષ્પાંજલી અર્થી તેમના કાર્યોને યાદ કરવામાં આવ્યા હતા.

બાધાએ આતી હૈ આયે ગીરે પ્રલય કી ઘોર ઘટાયેં, પાંવ કે નીચે અંગારે, શિર પર બરસે યદી જવાલાએ, નિજ હાથોં મેં હસતે હસતે આગ લગાકર જલના હોગા, કદમ મિલા કર ચલના હોગા..ના સિદ્ધાંતો સાથે જીવન પર્યંત જોડાયેલા રહેલા પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપાઈની પુણ્યતિથિ ઉપર ભાજપના સેંકડો કાર્યકરોએ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. બાયડમાં યોજાયેલા કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ જે. પટેલ, મહામંત્રી હસમુખભાઈ પટેલ, શૈલેષભાઈ ભોઈ, સંગઠન મંત્રી રાહૂલપૂરી ગોસ્વામી, બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ, બાયડ તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ માંનસિંહ સોઢાપરમાર, બાયડ તાલુકા ભાજપ સંગઠન મહામંત્રી મયૂર પટેલ, ભાજપ અગ્રણી મફતભાઈ પટેલ, મહામંત્રી બિપીનભાઈ પ્રજાપતિ, બાયડ શહેર ભાજપ સંગઠન ઉપપ્રમુખ ભલુભાઈ પટેલ વગેરેએ ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પી હતી.

### આત્મનાદ ● પાના ૪થાનું ચાલુ...

મોરબીમાં વાણિજ્ય સ્નાતકનો અભ્યાસ કરતી દીકરી ઈશાની ઠાકરે કહ્યું કે, MYSY સ્કોલરશીપ મળતાં હવે ભણીગણીને આગળ વધવાનું મારું સ્વપ્ન અવશ્ય સાકાર થશે. પંડિત દિનદયાલજીએ આપેલા એકાત્મ માનવવાદના સિદ્ધાંતને સમગ્ર પ્રશાસનને સંવેદનાસભર બનાવ્યું છે. ઓગસ્ટ તા. ૨, ૨૦૨૧ના સંવેદના દિવસે એક જ દિવસમાં ૮ લાખ ૨૩ હજારથી પણ વધુ નાગરિકોની રજૂઆતોનો 'ઓન ધ સ્પોટ'લ્ નિકાલ કરવામાં આવ્યો હતો. બીજા શબ્દોમાં કહીએ તો આ દિવસે મળેલી રજૂઆતો પૈકી ૯૯.૬૩ ટકા રજૂઆતોનો સ્થળ ઉપર જ હકારાત્મક નિકાલ આવ્યો હતો. અત્રે એ પણ ઉલ્લેખનીય રહેશે કે બીજી ઓગસ્ટ એટલે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનો જન્મદિવસ. ગુજરાતના ખૂણે ખૂણામાં શ્રી વિજયભાઈ રૂપાણી સંવેદનશીલ અને સૌજન્યશીલ રાજપુરુષ તરીકે જાણીતા છે. એમણે સંવેદના દિવસે રાજ્યની ગંગાસ્વરૂપા બહેનોના પુનઃસ્થાપન માટે 'ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના'ની જાહેરાત કરી.

ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઓગસ્ટ તા. ૩, ૨૦૨૧ અન્નોત્સવના દિવસે રાજ્યના ૭૧ લાખ પરિવારોના સાડા ત્રણ કરોડ લોકોને દિવાળી સુધી વિના મૂલ્યે રાશન આપવાના સેવા યજ્ઞનો ઉગતા સુરજના પ્રદેશ દાહોદથી વર્ચ્યુઅલી પ્રારંભ કરાવ્યો. વિકાસની રાહ પર નારી શક્તિને જોડવાનું અને નારી શક્તિના સામર્થ્યનો સદઉપયોગ કરવાનું ગુજરાત સુપેરે જાણે છે. ઓગસ્ટ તા. ૪, ૨૦૨૧ના રોજ ગુજરાતમાં નારી સશક્તિકરણનો દિવસ રહ્યો. ગુજરાતની નારી હવે અબળા નહીં પણ ઊર્જાવાન તેજસ્વીતાનું પ્રતિક છે. ૧૦૯ જેટલાં મહિલા સશક્તિકરણના કાર્યક્રમો આ દિવસે રાજ્યભરમાં યોજાયા. ૫ ઓગસ્ટ ૨૦૨૧ કિસાન સન્માન દિવસ ગુજરાતના ખેડૂતો માટે એક સોનેરી કિરણ સાથે ઊગ્યો હતો. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સરહદી જિલ્લા કચ્છની ધરતી ઉપરથી કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત વધુ ૧૪૦૦ ગામોના ખેડૂતોને દિવસ દરમિયાન વીજળી પહોંચાડતાં જણાવ્યું કે, ગુજરાતના કિસાનોના બાવડામાં અદભુત તાકાત રહેલી છે. તેને પાણી, બિયારણ અને વીજળી મળે તો તેમના પરિશ્રમ પ્રસવેદથી ધરતીમાંથી સોનું પાકી શકે એવી એમની ક્ષમતા છે. ગુજરાતનો યુવાન જોબ સીકર નહી પણ જોબ ગીવર બને એવી પરિકલ્પના સાથે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના યુવાનોના સામર્થ્યને સુપેરે યોગ્ય દીશા આપી છે. સૂરતમાં રોજગાર દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ પ્રેરક ઉદબોધન આપ્યું હતું. આ દિવસે ૬૨ હજાર જેટલાં યુવાનોને નિમણૂંક પત્રો આપીને ગુજરાતમાં એક નવી કેડી કંડારવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રીએ યુવાનોને રોજગારી પૂરી પાડવા માટે ઉપયોગી એવા 'અનુબંધમ' પોર્ટલ અને મોબાઈલ એપ્લીકેશનો ડિજિટલી શુભારંભ કરાવ્યો હતો.

વર્ષ ૨૦૧૬ની ઓગસ્ટ તા. ૭નો એ યશસ્વી દિવસ યાદ આવે છે કે, જ્યારે ગુજરાતની જનતાની સેવા કરવા માટે શ્રી વિજયભાઈ રૂપાણીએ મુખ્યમંત્રી તરીકે શપથ લીધાં હતાં અને તેમની સાથે નાયબ મુખ્યમંત્રી તરીકે શ્રી નીતિનભાઈ પટેલે શપથ લીધાં હતાં. ગુજરાતના વિકાસ માટે આ બે કર્મઠ નેતાઓએ સાશનધુરા સંભાળ્યાના ઑગષ્ટ ૭, ૨૦૨૧ના રોજ પાંચ વર્ષ પૂરા થયાં ત્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા સૌનો સાથ સૌનો વિકાસ મંત્ર સાચા અર્થમાં ચરિતાર્થ કરીને પાંચ વર્ષ સૌના સાથથી સોના વિકાસના બની રહ્યાં. ઓગસ્ટ તા. ૭ના રોજ વિકાસ દિવસના અવસરે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં રાજ્યની પ્રજાના જનસુખાકારી માટેના રૂ. ૫,૪૩૫ કરોડથી વધુ રકમના ૭૭,૪૫૦ જનહીતલક્ષી કાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ માટે ૧૬૧ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ પ્રસંગે કેન્દ્રિય માર્ગ અને પરિવહન મંત્રી શ્રી નીતિન ગડકરી પણ વર્ચ્યુઅલી ઉપસ્થિતિ રહ્યા હતા. રાજ્યના વિકાસ કાર્યોનું ઈ-લોકાર્પણ અને ઈ-ભૂમિપૂજન અને ખાતમુહુર્ત કરતાં અમિતભાઈ શાહે કહ્યું કે, દેશના લોકલાડીલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં પોતાના મુખ્યમંત્રીકાળ સમયે આરંભેલી વિકાસયાત્રા અને જનકલ્યાણની પરંપરાને આગળ વધારવા માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ અભિનંદનના અધિકારી છે. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ આ પ્રસંગે ગુજરાતની 'વતનપ્રેમલ્ યોજના લોન્ચ કરી હતી.

જનસેવા યજ્ઞ અનુષ્ઠાનના નવમો દિવસ અંબાજીથી ઉમરગાવ સુધીના પૂર્વ પટ્ટીના આદિવાસીઓના સર્વાંગીણ વિકાસને સમર્પિત કરવામાં આવ્યો. મુખ્યમંત્રીશ્રીએ નર્મદા જિલ્લાના રાજપીપળાથી વિશ્વ આદિવાસી દિવસના અવસરે રાજ્યના ૫૩ આદિજાતિ તાલુકાના રૂ. ૧૭૦૦ કરોડના ૨૮૯ વિકાસકામોનો પ્રારંભ, લોકાર્પણ અને ખાત મૂહૂર્ત કરાવ્યા. છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં રૂ. ૬૦ હજાર કરોડના વિકાસ કામો કરવામાં આવ્યા છે. આ ઉપરાંત વનબંધુ કલ્યાણ યોજના ફેઝ-૨માં આગામી પાંચ વર્ષમાં રાજ્યના આદિવાસી વિસ્તારોમાં રૂ. એક લાખ કરોડના વિકાસ કામો હાથ ધરવામાં આવશે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અંદાજે રૂ. ૩૪૧ કરોડના ખર્ચે ૩૯ એકર વિસ્તારમાં નિર્માણ થનાર બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીનું ખાતમુહૂર્ત કરવા સાથે રૂ. ૪૮૦ કરોડના ખર્ચે નિર્માણ થયેલ ૧૯૯ વિકાસ કામોનું લોકાર્પણ તથા રૂ. ૧૨૨૨ કરોડના ૯૦ કામોના ખાતમુહૂર્ત સંપન્ન કર્યા હતા.

આધુનિક ગુજરાત, દિવ્ય અને ભવ્ય ગુજરાત, શિક્ષિત અને દિક્ષીત ગુજરાત જોવાની પ્રત્યેક ગુજરાતીની હૃદયપૂર્વકની ઈચ્છા હોય એ સ્વાભાવિક છે. ગુજરાતની વિકાસયાત્રાને જોઈને આજે પ્રત્યેક ગુજરાતીને સંતોષ થઈ રહ્યો છે કે, તેમણે જોયેલાં ઉત્તમથી સર્વોત્તમ ગુજરાતના શમણાં બિલકુલ સાચી રીતે સાકાર થઈ રહ્યા છે. મેટ્રો ટ્રેન અને બુલેટ ટ્રેને ગુજરાતની નવતર પહેચાન ઊભી કરી છે. મ્ઈ્જી, રીવર ફ્રન્ટ પ્રોજેક્ટ આધુનિક ગુજરાતની છબી ઊજાગર કરે છે. ભાવનગરનું વિશ્વનું પ્રથમ ઝ્દ્રય ટર્મિનલ, કચ્છનું રીન્યુએબલ એનર્જી પાર્ક, વિશ્વ સમસ્તનું ધ્યાન ખેંચી રહ્યું છે. અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ગાંધીનગરમા સ્કાયલાઈન બિલ્ડિંગની મંજુરી મળતાં હવે ગુજરાતના શહેરો દુબઈ અને સિંગાપોર જેવા શાનદાર બનવાના છે. ગીફ્ટ સિટી, મેડીસિટી, ધોલેરા સ્માર્ટ સિટી, ડાયનોસોફોસિલ પાર્ક, શીવરાપુર બ્લુ બીચ, નડાબેટ સીમા દર્શન, નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અને વર્લ્ડ ક્લાસ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ભવ્ય ગુજરાતના મોડેલ બનીને ઊભરી આવ્યા છે. ચાંપાનેર, રાણીની વાવ, અમદાવાદ શહેર અને હવે ધોળાવીરા વર્લ્ડ હેરિટેજના નકશામાં આવતાં દેશ વિદેશના સહેલાણીઓનું ગુજરાત 'ફસ્ટ ચોઈસ ઓફ ડેસ્ટીનેશન' બન્યું છે.

છેલ્લા પાંચ વર્ષના ગાળામાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નિર્ણાયક નેતૃત્વ હેઠળની ટીમ ગુજરાતે ૧૭૦૦થી વધુ જનહિતલક્ષી નિર્ણયો લઈને તેનુ નક્કર અમલીકરણ કરી બતાવ્યું છે. ખેડૂતો, મહિલાઓ, યુવાનો, વંચિતો, વનબંધુઓ સમાજના તમામ લોકોને વિકાસની મુખ્યધારામાં લાવવાના સમુચિત પ્રયાસો ટીમ ગુજરાતના પરિણામલક્ષી નિર્ણયોને કારણે શક્ય બન્યું છે. છેલ્લા પાંચ વર્ષમાં સંકલ્પથી સિદ્ધિની જનજનને પ્રતીતિ થઈ છે. આજે પ્રત્યેક ગુજરાતી હૃદયના ઊંડાણથી સ્વીકારી રહ્યો છે કે, પાંચ વર્ષ આપણી સરકારના છે... આ પાંચ વર્ષ સૌના સાથથી સૌના વિકાસના બની રહ્યાં છે...

## જન્મદિને વધામણી



જગદીશકુમાર ઘનશ્યામભાઈ સોની
મો. ૯૪૦૮૭ ૭૭૫૬૬



સોનલબેન જગદીશકુમાર સોની



જે સી દરજી



અદ્વૈત વ્યાસ



કર્ણવ દવે
મો. ૯૯૭૮૬ ૧૭૮૯૦



મહિપાલસિંહ ભૂપતસિંહ ચાવડા



નલિનભાઈ ત્રિવેદી
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



રાણા મહાવીરસિંહ સંદિપસિંહ
મો. ૮૪૦૧૩ ૧૩૦૩૫

### વરસાદની સંભાવના

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ વરસાદ થવાની સંભાવના રહેશે. જયારે સપ્ટેમ્બરની શરૂઆતમાં પણ ગુજરાતના જુદા જુદા ભાગોમાં વરસાદ થવાની સંભાવના રહેશે. તા ૨૧ થી ૨૩ ઓગષ્ટ તેમજ તા ૨૫ થી ૨૮ દરમિયાન વડોદરા, ગાંધીનગર અમદાવાદના ભાગોમાં પણ સારો વરસાદ થશે. આ જુદા જુદા વિસ્તારમાં એક ઈંચથી ૨ ઈંચ વરસાદ થવાની સંભાવના છે.

### તાલિબાની શાસન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તાલિબાને સરકારી કર્મચારીઓને ચેતવણી આપતા કહ્યું છે કે, ૨૦ વર્ષ પહેલા તાલિબાન શાસનમાં જે રીતે કામ કરતા હતા, હવે એ જ રસ્તે પાછા આવી જાઓ. તાલિબાને કહ્યું કે, એક નવી શરૂઆત કરો અને ભ્રષ્ટાચાર, કૌભાંડ, આળસથી સાવધાન રહો.

### આખરે મંજૂર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળી જતા હવે ટુંકમાં જ ટાઉનહોલના રીનોવેશનનુ કામ શરૂ કરી દેવાશે. ટાઉનહોલના રીનોવેશન અન્વયે ઈલેક્ટ્રીફીકેશન, એ સી પ્લાન્ટ, બેઠક વ્યવસ્થા, અદ્યતન સાઉન્ડ સિસ્ટમ, સ્ટેજ, પડદા, ફલોરીંગ, લીફટ તેમજ પાર્કીંગ અને બગીચા સહીતનુ કામ હાથ ધરાશે. ટાઉનહોલનુ કામ પુર્ણ થતા પણ બે વર્ષ જેટલો સમય લાગશે. કોવિડના કપરા કાળમાં આમ પણ ટાઉનહોલમાં કાર્યક્રમ યોજવાનુ શક્ય ન હતુ જયારે હજુ સુધી ટાઉનહોલનુ કામ શરૂ થયુ નથી ત્યારે રીનોવેશનની યોજના અન્વયે આમપણ વિલંબ થયો છે. ત્યારે હવે ઝડપથી હોલનુ કામ શરૂ થાય તેમજ નિયત સમયમાં કામ પુર્ણ કરવામાં આવે તેવી પ્રબળ લાગણી અને માંગણી પણ કલાકારોએ વ્યકત કરી છે.